ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખાના ગુજરાતી વિષયમાં પીએચ.ડી.ની પદવી માટે રજૂ કરવામાં આવેલ મહાશોધનિબંધની

સંક્ષિપ્ત રૂપરેખા(Synopsis)

**-: મહાશોધનિબંધનું શીર્ષક :-**

# 'પરબ' સામયિકમાં પ્રકાશિત થયેલ નિબંધ સાહિત્ય

# (૨૦૦૧ થી ૨૦૨૦)

## "ESSAY LITERATURE PUBLISHED IN "PARAB" MAGAZIE "2001 TO 2020"


**❁ પ્રસ્તુતકર્તા ❁**

**જાડેજા વર્ષાબા એચ.**

**(B.A, M.A, B.ed, SET,NET JRF)**

❁ માર્ગદર્શક ❁

**ડૉ. જીવરાજ એમ. પારધી**

એસોસિએટ પ્રોફેસર

માતૃશ્રી જે. એસ. ગોધાણી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ,

જોશીપુરા, જૂનાગઢ.



રજિસ્ટ્રેશન નં. ૨૦૦૪૦ **વર્ષ – ૨૦૨૪** રજિસ્ટ્રેશન તા.૨૨/૦૨/૨૦૨૧

('પરબ' સામાયિકમાં પ્રકાશિત થયેલ નિબંધ સાહિત્ય ૨૦૦૧ થી ૨૦૨૦)

ગુજરાતી સાહિત્યના વિકાસ અને વિસ્તારમાં અગત્યની ભૂમિકા ભજવી હોય તો તે આપણા સામયિકો છે. કોઇ પણ યુગની માહિતી મેળવવા માટે અથવા તો તે સમયની રાજનીતિ, સમાજ અને સંસ્કૃતિને જાણવા માટે તે સમયના સાહિત્યને વાંચવાની તે સમયની માહિતી આપણને મળે છે. જે તે યુગમાં સર્જાતા સાહિત્યમાં તે યુગની ઝિલાયેલી તસ્વીર સ્પષ્ટ અને બહુ પરિમાણિય હોય છે. તે સમયનો ચહેરો સાહિત્યના ગ્રંથોમાં ઝીલાય તે પહેલા સામાયિકમાં તે સમયનો ચહેરો સાતત્યપૂર્વક રજૂ થાય છે. ઘણાખરા સર્જકોનું સાહિત્ય સૌથી પહેલા અને તાજુ સામયિકોમાં જ પ્રગટ થાય છે. દરેક સર્જક પોતાના સમયનું સંતાન કહેવાય છે. તેવી જ રીતે સાહિત્યિક સામયિક પણ પોતાના સમયની આબોહવાને, તે સમયની અનિવાર્યતાને, તે સમયના મુલ્યોને પોષતુ હોય છે. અર્વાચિન યુગનો આરંભ થયો ત્યારે ગુજરાતમાં સુધારાને લગતી વૈચારિક પ્રવૃતિઓનો પ્રચાર સાહિત્યિક સામયિકો દ્વારા જ થયો હતો. આંદોલનો , ચળવળો અને સાહિત્યિકવાદોનું કેન્દ્રસ્થાન સાહિત્યિક સામયિકો રહ્યાં છે.

આમ, સાહિત્ય સર્જન, સાહિત્યિક માહિતીનું આદાન- પ્રદાન , નવોદિતોને સર્જન માટેની પ્રેરણા, સંશોધનાત્મક સામગ્રીનું આલેખન કરનાર સામામિકોને કેન્દ્રમાં રાખીને સંશોધનકાર્ય થાય એ અપેક્ષિત છે. આથી જ 'પરબ' સામયિકમાં ૨૦૦૧ થી ૨૦૨૦ ના સમય દરમિયાન પ્રકાશિત થયેલ નિબંધો હેઠળ પ્રસ્તુત સંશોધનકાર્ય હાથ ધરવામાં આવ્યું છે. આ સંશોધનકાર્યની રૂપરેખા નીચે મુજબના પ્રકારણોમાં વિભાજિત છે.

પ્રકારણ 1 : ગુજરાતી સાહિત્યિક સામયિકોનો ઉદ્દભવ અને વિકાસ .

પ્રકારણ 2 : પરબ : પરંપરા અને પદ્ધતિ

પ્રકરણ ૩ : પરબ સામયિકમાં પ્રકાશિત સાહિત્ય

પ્રકારણ ૪ : પરબ સામયિકમાં પ્રકાશિત થયેલ નિબંધો ૨૦૦૧ થી ૨૦૨૦

પ્રકારણ ૫ : પરબ સામયિકમાં પ્રકાશિત થયેલ નિબંધોનું સમગ્રલક્ષી મૂલ્યાંકન :૨૦૦૧ થી ૨૦૨૦

પ્રકારણ ૬ : ઉપસંહાર અને તારણો

- સંદર્ભ સૂચિ
- પરિશિષ્ટ

અહીં, સંશોનકાર્યનું ઉપર મુજબના પ્રકારણ વિભાજન કરીને આલેખાયેલ વિગતોનું સંક્ષિપ્ત - સારાંશ નીચે મુજબ છે.

## પ્રકરણ 1

## 'ગુજરાતી સાહિત્યિક સામયિકનો ઉદ્ભવ અને વિકાસ

પ્રસ્તુત પ્રકરણમાં સામાયિકની સંજ્ઞા - વ્યાખ્યા, સામયિકના પ્રકાર અને કદ, સાહિત્યિક સામયિકનું વિષય - વૈવિધ્ય, સાહિત્યિક સામાયિકોના પ્રયોજન, ધ્યેયમંત્ર, કાર્યક્ષેત્ર અને ઉદ્ભવ અને 'વિકાસની વાત કરવામાં આવી છે. જેમ કે ગુજરાતી સાહિત્યમાં સામાયિકોના પ્રકારનું વર્ગીકરણ આ રીતે કરી શકાય. અઠવાડિક, પાક્ષિત, માસિક, દોઢ માસિક, દ્વિમાસિક, ત્રૈમાસિક, અર્ધ વાર્ષિક, વાર્ષિક, વાર્ષિક વિશેષાંક તેમજ સાહિત્ય સ્વરૂપો આધારિત આ રીતે વર્ગીકરણ કરી શકાય જેમ કે નાટક, એકાંકી,કવિતા, કવિલોક, કવિ, ગઝલવિશ્વ વગેરે...

આમ, ઉપરોક્ત આપેલ સામાયિકોના પ્રકાર મુજબ સાહિત્યિક સામયિકોના પ્રકારોમાં વૈવિધ્ય જોવા મળે છે. આજના સમયમાં તો ડેમીથી માંડીને ટૅબ્લૉઇટ ( મુખ્ય પ્રવાહના સમાચારપત્રના કદ કરતાં અડધું કદ એટલે ટૅબ્લૉઈટ ) પ્રકારના સામાયિકો પ્રકાશિત થાય છે.

સાહિત્યિક સામયિકના વિષયલક્ષી પ્રવાહને જોઇએ તો કોઈ સામયિક માત્ર કવિતા કે તેના નિશ્ચચિત રૂપને પ્રગટ કરતું હોય કે કોઈ નિબંધ કે નાટકને રજૂ કરતું હોય, વિવેચન કે ગ્રંથસમીક્ષાને સમાવતા સામયિકો હોય છે. દા.ત. ~> સંશોધનને પ્રાધાન્ય આપતું ' ફાર્બસ ત્રૈમાસિક' , ગઝલો રજૂ કરતું 'ધબક', કાવ્યસિદ્ધાંતો અને કાવ્યો રજૂ કરતું 'કવિલોક', ગ્રંથસમીક્ષાઓ આપતુ ' પ્રત્યક્ષ' સામયિક વગેરે...

આપણા સાહિત્યિક સામયિકોની અભિવ્યક્તિઓ અને નવાં વિષયપ્રદેશોને માટે નવું મંચ બનવું, નવા વિચાર - વલણો, આંદોલનોને ઉત્તેજન અને રોમાંચ જગાવવા શરૂ થયેલા સામયિકો નવું અને કઈંક જુદું કરવા સક્ષમ થવાના પ્રયત્નો કરે છે . અને પોતાના પ્રયોજનો અને ધ્યેયમંત્ર સિદ્ધ કરવાની પ્રયત્નો કરે છે. આમ, સાધત્યિક સામયિકે આખરે તો સમગ્ર રીતે જોતા સાહિત્ય જગતના આંતરબ્રાહ્ય, સ્થૂળ - સુક્ષ્મ, પ્રવાહોને વાચા આપવાનું કામ કરવાનું હોય છે.

ગુજરાતી સાહિત્યિક સામાયિકોના ઉદ્ભવ અને વિકાસની વાત કરતા અહીં યુગ વિભાજન દ્વારા વિકાસયાત્રા નોંધેલી છે. જેમ કે સુધારકયુગના સામયિકો, પંડિતયુગના સામયિકો, ગાંધીયુગના સામયિકો, આધુનિક યુગના, એકવીસમી સદીના સામાયિકો, અનુઆધુનિકતાના ઉદ્ઘોષકો આદિ યુગોમાં ચાલેલા સામયિકોનો પરિચય અહીં પ્રસ્તુત કરેલ છે.

## પ્રકરણ ૨

## પરબ: પરંપરા અને પદ્ધતિ

ગુજરાતમાં સાહિત્યિક આબોહવા પ્રગટાવવા અને ગુજરાતના સાહિત્યકારોને એક મંચ પર એકઠા કરવાના સ્વપ્નદ્રષ્ટા એવા ગુજરાતના સંસ્કાર પુરુષ રણજિતરામ વાવાભાઈ મહેતાના નિષ્ઠાપૂર્વકના પ્રયાસોથી ઈ. સ. 1905માં ગુજરાતી સાહિત્ય પરિષદની સ્થાપના થઇ. અહીં સાહિત્ય પરિષદની પરંપરા અને કાર્ય પ્રવૃતિઓનું આલેખન કરવામાં આવ્યું છે. જેમ કે સંમેલનો અને જ્ઞાનસત્રો ભરવા, પરિસંવાદ, વ્યાખ્યાનો, ચર્ચાસત્રો યોજવા, ગ્રંથપ્રકાશન પ્રવૃત્તિ, માસિક ‘પરબ’ અને ત્રૈમાસિક ‘ભાષાવિમર્શ’ (જે હાલ બંધ છે ) તેનું નિયમિત પ્રકાશન, સાહિત્યના આસ્વાદ વિષયક પરીક્ષા પ્રવૃતિ, ભારતીય ભાષાઓનું અધ્યયન અને તુલનાત્મક સ્વાધ્યાય સત્રો, સંશોધન અને સંદર્ભગ્રંથોનું પ્રકાશન, ગુજરાતી સાહિત્યના ઇતિહાસનું લેખન, સાહિત્ય સંજ્ઞાકોશ, કાવ્યસંચયોનું પ્રકાશન, બાળસાહિત્ય પ્રકાશન, અનુવાદ કાર્ય, ગ્રંથાલય અને સંદર્ભ સેવાઓ તથા પુરસ્કાર વિતરણ - પારિતોષિક યોજનાઓ વગેરે દ્વારા સાહિત્યમાં રસ ધરાવનારા કોઈ પણ વ્યક્તિમાં સાહિત્યિક રૂચિની વૃદ્ધિ અને ખીલવણી થાય તેવી પ્રવૃતિ કરતી રહી છે. આમ, ગુજરાતી સાહિત્યની સેવામાં ગુજરાતી સાહિત્યનો મહત્વનો ફાળો રહેલ છે તે વિશે અહી આલેખન કરવામાં આવ્યું છે.

## પ્રકરણ ૩

## ‘પરબ’ સામયિકમાં પ્રકાશિત સાહિત્ય

સામયિકમાં પ્રગટ થતી સાહિત્ય સામગ્રીને ક્યાં માપદંડ દ્વારા મુલવવી ? પરંપરાગત સામગ્રીને આધારે ? સાહિત્યના નવતર માપદંડો ઊભા કરી આપવાની શકતાઓ સાહિત્ય સામયિક ધરાવે છે. બદલાતા સમય સાથે બદલાતા મૂલ્યોની અસર સાહિત્યના પારંપરિક માપદંડો ઉપર પડતી હોય છે. સાહિત્ય સામયિકોમાં રહેલાં પરિવર્તન શીલતાના ગુણને લીધે સાહિત્યમાં નવાં ધોરણો અને નવાં મૂલ્યો સ્થાપવાનું કામ કરે છે. હવે ‘પરબ’ સામયિકના વિષય સામગ્રીની વાત કરીએ તો શરૂઆતમાં પરબ ત્રૈમાસિક હતું. અને તેમાં મુખ્યત્વે વિવેચન અને સંશોધનને લગતું જ સાહિત્ય પ્રકાશિત થતું હતું. પરંતુ પરબના જ્ઞાનસત્ર વિશેષાંકો સારા એવા મોટા અને સમૃદ્ધ બનતાં હતાં.

1976 માં રઘુવીર ચૌધરીએ પ્રસ્તાવ રાખ્યો કે ‘પરબ’ ને માસિક બનાવવું જોઈએ. અને 1977 થી પરબ માસિક સ્વરૂપે પ્રકાશિત થવાં લાગ્યું. ‘પરબ’ માસિક બન્યા બાદ પણ

શરૂઆતમાં પહેલાની જેમ જ તેની વિષયસામગ્રી રહી જેવી કે તેમાં વિવેચન- સંશોધનના લેખો  સુધી જ સીમિત રહ્યું. પછીથી રઘુવીર ચૌધરીના આગ્રહથી 'પરબ' સામાયિકમાં કવિતા, વાર્તા જેવા સર્જનાત્મક સાહિત્યનો સમાવેશ થવાં લાગ્યો . આમ, અહીં સમયનુંસાર લખાતા આવતા સાહિત્ય સ્વરૂપો વિશે વાત કરેલ છે.

**પ્રકરણ ૪**

**'પરબ' સામયિકમાં પ્રકાશિત થયેલ નિબંધો ૨૦૦૧ થી ૨૦૨૦**

ગુજરાતી સાહિત્યનું ગદ્ય - પદ્ય બારમી સદીથી જ ઉભયક્ષેત્રે ખેડાતું આવ્યું છે. ભારતમાં અંગ્રેજોના આગમન પછી ભારતીય અને ગુજરાતી સાહિત્યમાં અંગ્રેજી સાહિત્યની અસર હેઠળ ઘણાં નવાં સાહિત્ય સ્વરૂપો આકાર પામ્યા છે. તેમાનો 'નિબંધ' સ્વરૂપ એક છે. આથી પ્રસ્તુત પ્રકરણમાં નિબંધ સ્વરૂપ વિશે, તેની સંજ્ઞા - વ્યાખ્યા,તેનો ઉદ્દભવ અને વિકાસ વિશે માહિતી આપેલ છે. સાથે - સાથે 'પરબ' સામયિકમાં પ્રકાશિત થયેલ ૨૦૦૧ થી ૨૦૨૦ દરમિયાન પ્રકાશિત થયેલ નિબંધોની સૂચિ પ્રસ્તુત કરેલ છે.

**પ્રકરણ ૫**

**'પરબ' સામયિકમાં પ્રકાશિત થયેલ નિબંધોનું સમગ્રલક્ષી મૂલ્યાંકન : ૨૦૦૧ થી ૨૦૨૦**

નિબંધસ્વરૂપ લલિત અને લલિતેતર જેવા સાહિત્ય પ્રકારોમાં ખેડાતો રહેલો છે. વિશ્વની મહત્તમ ભાષાઓમાં છેલ્લા સવા ચારસો વર્ષમાં નિબંધ જુદી જુદી રીતે વિકસતો રહેલો છે. બીજા સાહિત્ય સ્વરૂપોની તુલનામાં નિબંધ સ્વરૂપનો ઉદ્દભવ અને વિકાસનો ક્રમબંધ અને વિશ્વસનીય ઇતિહાસ મળી રહે છે. સાહિત્યસ્વરૂપોને વિભાગોમાં વહેચવાની રીત ઘણી પ્રાચિન છે. ક્યાંક, થોડીક અલગ વિશેષતા જણાઈ કે કોઈક અલગપણું લાગ્યું એટલે વિભાગો પાડવાનું શરૂ થવાનું . નિબંધરવરૂપમાં પણ વિવરણાત્મક, વર્ણનાત્મક, ઉપદેશાત્મક, પ્રવાસ, વિચારાત્મક, ચરિત્રાત્મક, ભાવાત્મક  અને વિવેચનાત્મક જેવા પ્રકારો પાડવામાં આવ્યાં છે. પશ્ચિમમાં પણ નિબંધસ્વરૂપમાં સર્જક નિબંધ ચિંતનાત્મક નિબંધ અને વિવેચનાત્મક નિબંધ એવા ત્રણ પ્રકારો મળે છે. ગુજરાતીમાં પણ 'હળવો' નિબંધ અને ' નિબંધિકા' જેવા શબ્દો મળે છે. કથન, વર્ણન, અને વિચારને કેન્દ્રમાં રાખીને પણ વર્ગીકરણો મળે છે. આમ, પ્રસ્તુત પ્રકરણમાં નિબંધોના પ્રકારોને ધ્યાનમાં રાખીને ' પરબ' સામયિકમાં પ્રકાશિત થયેલા ૨૦૦૧ થી ૨૦૨૦ સુધીના નિબંધોનું વર્ગીકરણ કરી તેનું વર્ણન કરેલ છે. જેમ કે...

- વર્ણનાત્મક નિબંધો : ૫૫
- ભાવાત્મક નિબંધો : ૪૧
- પ્રવાસ નિબંધો : ૨૮
- ચરિત્રાત્મક નિબંધો : ૧૫
- હાસ્ય નિબંધો : ૧૩
- પત્રાત્મક નિબંધો : ૪ + ૧ ડાયરીના પાના

આમ, અહીં કુલ ૧૫૭ નિબંધોનું મૂલ્યાંકન આપેલ છે.

## પ્રકરણ–૬

## ઉપસંહાર –તારણો

હું કૉલેજમાં અભ્યાસ કરતી હતી ત્યારથી જ સામયિકો વાંચવાનો શોખ હતો. આમ, સામયિકોના સંપર્કમાં આવવાથી મારી સાહિત્યિક સમજ વધતી ગઈ અને સામયિકો પ્રત્યે મારું આકર્ષણ વધતું ગયું. કૉલેજના અભ્યાસ દરમિયાન સાહિત્યિક સામયિકોનો પરિચય થયો. જેથી મારી સાહિત્ય પ્રત્યેની રૂચિ, સમજ અને સંશોધન વૃત્તિ સંતર્ક થઈ. જેમાં 'પરબ' અને 'શબ્દસૃષ્ટિ' મારી પ્રિય સામયિક બન્યાં. જેમાં એમ.એ.ના અભ્યાસ દરમિયાન જ નિશ્ચિત કર્યું કે મારે વિદ્યાવાચસ્પતિનું સંશોધન કાર્ય 'પરબ' સામયિકમાં પ્રકાશિત થયેલા નિબંધ પર કરવું છે. આમ, " 'પરબ' સામયિકમાં પ્રકાશિત થયેલા નિબંધ સાહિત્ય : ૨૦૦૧ થી ૨૦૨૦" ના શીર્ષક હેઠળ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં મને સંશોધનકાર્ય કરવાની તક મળી.

" 'પરબ' સામયિકમાં પ્રકાશિત થયેલ નિબંધ સાહિત્ય ૨૦૦૧ થી ૨૦૨૦"ના શીર્ષક હેઠળ સંશોધનકાર્યને કુલ પાંચ પ્રકરણો અંતર્ગત સમગ્ર સંશોધનકાર્ય કરવામાં આવ્યું છે.

ગુજરાતી સાહિત્યના વિકાસ અને પ્રચાર-પ્રસારમાં સામયિકોની અગત્યની ભૂમિકા રહી છે. સામયિકો પોતાના સમયની આબોહવાને, અનિવાર્યતાને અને તે સમયના મૂલ્યોને પોષતું હોય છે. તેથી સામયિક અંગેની સમજણ સ્પષ્ટ કરતા તેની સંજ્ઞા, પ્રકાર, કદ, વિષય વૈવિધ્ય, સામયિકોનું પ્રયોજન, ધ્યેયમંત્ર, કાર્યક્ષેત્ર અને તેના ઉદ્ભવથી લઈ આગળની વિકાસયાત્રાનું વર્ણન અહીં કરેલ છે.

રણજીતરામ વાવાભાઈ મહેતાના પ્રયત્નથી ઈ.સ.૧૯૦૫માં ગુજરાતી સાહિત્ય પરિષદની સ્થાપના થઈ. તેનું મુખપત્ર ‘પરબ’ સામયિક ૧૯૬૦થી શરૂ કરવામાં આવ્યું. અહીં ગુજરાતી સાહિત્ય પરિષદની પરંપરા અને પદ્ધતિનો અને ‘પરબ’ સામયિકનો ઉદ્ભવ અને તેની વિકાસયાત્રાનો પરિચય અહીં નોંધેલ છે. ગુજરાતી સાહિત્ય પરિષદનું સાહિત્યક્ષેત્રે પ્રદાન, તેમના જ્ઞાનસત્રો, પરિષદના હેતુઓ, ચીમનલાલ મંગળદાસ જાહેર ગ્રંથાલય, મેઘાણી જ્ઞાનપીઠ, પરિષદના અધિવેશનો અને તેના પ્રમુખો, સંપાદકો આદિ વિશે માહિતી આપવાનો યત્ન કરેલ છે.

ગુજરાતી સાહિત્યનું મુખપત્ર ‘પરબ’ સામયિકની વિષય સામગ્રીની વાત કરીએ તો શરૂઆતમાં તેમાં મુખ્યત્વે વિવેચન-સંશોધનને લગતા લેખો પ્રકાશિત થતા હતાં. ત્યારબાદ રઘુવીર ચૌધરીના પરામર્શથી તેમાં કવિતા, નવલિકા, વાર્તા આદિ જેવા સર્જનાત્મક સાહિત્યનો સમાવેશ થવા પામ્યો. ‘પરબ’ સામયિકના સ્થાપનાકાળ ૧૯૬૦થી આજપર્યંત ચાલતા સાહિત્ય સ્વરૂપોની માહિતી આપવાનો યત્ન કરેલ છે

નિબંધ સ્વરૂપ વિશે અને ‘પરબ’માં પ્રકાશિત થયેલા નિબંધો જે ૨૦૦૧ થી ૨૦૨૦ના નિબંધોની સૂચિ અહીં પ્રસ્તુત કરેલ છે. ઈ.સ.૨૦૦૧ થી ૨૦૨૦ સુધીના નિબંધોને તેના પ્રકાર પ્રમાણે વર્ગીકૃત કરી નિબંધોનું મૂલ્યાંકન આપવાનો યત્ન કરેલ છે.

❖ **તારણો** :

- ગુજરાતી સાહિત્ય પરિષદે ગુજરાતી સાહિત્યના ઇતિહાસના ભાગ-૮ સુધીનું પ્રકાશન કાર્ય કર્યું છે.
- અપ્રાપ્યગ્રંથોનું પુનઃમુદ્રણ તથા નવોદિત અને સન્માનિય સાહિત્યકારોના પુસ્તકોના પ્રકાશન પણ કરવામાં આવે છે.
- ભાષા સાહિત્ય પ્રત્યે રૂચિ કેળવવા માટે ગુજરાતી પરિષદે આસ્વાદ, સંસ્કાર અને દીક્ષા આ ત્રણ પરીક્ષાઓનું આયોજન કરવામાં આવતું હતું.
- ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા ૩૮ જેટલા પારિતોષિક અપાય છે.
- પરિષદે આજ સુધી ૩૨ જેટલા જ્ઞાનસત્રો (દર બે વર્ષે) યોજાય છે.
- ૧૯૦૫ થી ૨૦૨૦ સુધીમાં સાહિત્ય પરિષદના ૫૦ જેટલા અધિવેશનો ભરાયા છે.

- ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા બુધસભા, આપણો કવિતા વારસો, પાક્ષિત, આપણો સાહિત્ય વારસો જેવા પરિસંવાદોના કાર્યક્રમો યોજાતા રહે છે.
- 'ગોવર્ધનભવન'ના પાયા દર્શક-મનુભાઈ પંચોળી દ્વારા નંખાયા હતા.
- ક.લા.સ્વાધ્યાયમંદિર (કસ્તુરભાઈ લાલભાઈ)ની પુણ્યસ્મૃતિરૂપે ૧૯૮૧માં સ્થાપના થઈ. એક વિદ્યાસંસ્થા તરીકે Ph.D.કક્ષાએ સંશોધનકાર્ય કરતી સંસ્થા તરીકે ગુજરાત યુનિવર્સિટી તરફથી તેને માન્યતા મળી છે.
- ગુજરાતી સાહિત્ય પરિષદનું મુખપત્ર 'પરબ' સામયિકનું ૧૯૬૦ થી ૧૯૭૬ સુધી પ્રકાશન અનિયમિત હતું. ૧૯૭૬ થી માસિક સ્વરૂપે પ્રકાશિત થાય છે.
- 'પરબ' સામયિકના ત્રૈમાસિક સ્વરૂપમાં ફકત વિવેચન અને સંશોધનને લગતું જ સાહિત્ય પ્રકાશિત થતું હતું.
- ૧૯૭૭ થી માસિક સ્વરૂપમાં આવતાં રઘુવીર ચૌધરીના આગ્રહથી પરબમાં કવિતા, વાર્તા જેવા સર્જનાત્મક સાહિત્યનો સમાવેશ થયો.
- 'પરબ' માસિક બનતા તેનો વિષય–વિસ્તાર મજબૂત અને સદ્ધર બનતો ગયો. તેમાં ગુજરાતી સાહિત્યની ઘટનાઓને અનુલક્ષીને લખાવા લાગ્યું. ભારતીય અને વૈશ્વિક સ્તરની સાહિત્યબાબતોને પણ સ્થાન મળ્યું. વિવિધ ભાષાઓના અનુવાદો મળ્યાં, અન્ય ભાષાઓની સાહિત્ય રચનાનો પરિચય મળતો થયો.
- ૧૯૯૦નું વર્ષ વિશ્વકોશ અને ગુજરાતી સાહિત્યકોશ એવા બે સાહિત્યિક સાહસોની સફળતાનું વર્ષ હતું.
- ૧૯૯૦માં ચંદ્રકાન્ત ટોપીવાળાના સંપાદકીય હેઠળ અનેક વિશેષાંકો પ્રગટ થયા છે.
- શ્રી કુમારપાળ દેસાઈના અતિથિ—સંપાદન હેઠળ જૂન-૧૯૮૦નો એક પરિસંવાદ ફળશ્રુતિરૂપ બનેલો 'સાહિત્ય અને પત્રકારત્વ વિશેષાંક' સાહિત્યિક પત્રકારત્વનાં વિકાસમાં મહામોટો પડાવ ગણી શકાય.
- નવમા દાયકાના સાહિત્ય પ્રવાહને આંકતા ભોળાભાઈ પટેલના સંપાદકીય લેખો સાહિત્યનો અમૂલ્ય ખજાનો છે.
- ભોળાભાઈના અસમિયા કાવ્યો અને વર્ષા દાસના ઓડિયા કાવ્યોના અનુવાદો પરબનું અમૂલ્ય પ્રદાન કહી શકાય.

- કવિ રાજેન્દ્ર શુકલનો ૧૯૮૦ના ઑગસ્ટ માસના અંકથી 'પરબ'માં પ્રવેશ કર્યો તે કાવ્યક્ષિતિજે ઉન્નતિની સીમાચિહ્ન રૂપઘટના છે.
- નવી વિચારધારાઓનો સાહિત્યમાં પ્રવેશ સાહિત્યિક સામયિક દ્વારા જ થઈ શકયો છે. ઍબ્સર્ડ, પરાવાસ્તવવાદ, અસ્તિત્વવાદ અને સ્વાભાવિકતાવાદના પ્રસારણમાં પરબનું યોગદાન રહ્યું છે.
- નવમાં દાયકામાં વિવેચનની વિવિધ શૈલીનો પરિચય 'પરબ' કરાવે છે.
- સામયિકોમાં સાહિત્યિક પ્રવૃત્તિઓના અહેવાલો સાહિત્યિક આબોહવાની જમાવટમાં સહાયરૂપ નીવડે છે.
- પરિષદના ત્રણ ઘટકો ક.લા.સ્વાધ્યાયમંદિર, રા.વિ.પાઠક સભાગૃહ અને ચિ.મ. ગ્રંથાલય અન્વયે થતી સાહિત્યિક પ્રવૃત્તિઓના અહેવાલનું મૂલ્ય આંકીએ એટલું ઓછું છે.
- પરબ' સામયિકમાં સાહિત્યનો દાયકાવાર આલેખ આપવાનું બીડું ઝડપ્યું અને ૧૯૮૨–એપ્રિલ–મે આઠમાં દાયકાનો વિશેષાંક મળ્યો.
- 'અણખીયા' નામનો વણગોતાયેલો સાહિત્ય કુમારપાળ દેસાઈ મધ્યકાળમાંથી શોધી લાવે છે. આમ, નાના—મોટા સંશોધનકાર્યને પ્રકાશનમાં લાવવાનું કાર્ય સામયિકો દ્વારા થાય છે.
- 'પરબ' સામિયક શરૂઆતના સમયે ૧૨૦ પાનાનું વાંચન પૂરું પાડતું પરંતુ આજે ૮૦૦ કરતાંય વધારે પાના વરસે આપે છે.
- પત્રસાહિત્ય અને ડાયરી જેવા નૂતન સ્વરૂપોનો આછો પરિચય 'પરબ' કરાવી આપે છે.
- પરબ' સામયિકના વિશેષાંકો વિષયભારયુક્ત હોવા છતાં સંશોધન કરનાર અભ્યાસુઓ માટે અત્યંત ફળદાયી નીવડશે.
- 'પરબ' સામિયક દ્વારા દલિતચેતનાને વાચા આપવાનું કાર્ય મોખરે રહીને કર્યું છે. મોહન પરમાર, દલપત ચૌહાણ, મનીષી જાની, બાળકૃષ્ણ આનંદ, રમેશ પરમાર, હરીશ મંગલમ્, ગણપત પરમાર, શંકર પેન્ટર, ચંદુ મહેરિયા, સાહિલ પરમાર, પ્રવીણ ગઢવી જેવા કવિઓ –સર્જકો અને સંશોધકો તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

- ગુજરાતી સાહિત્ય પરિષદનું ત્રૈમાસિક 'ભાષાવિમર્શ' ૧૯૯૦માં જાન્યુઆરી માસથી 'પરબ'માં મળે છે.
- આધુનિકતાના મદમાં છંદો સાથે છેડો ફાડીને અછાંદસની રેલમાં તણાઈ ગયેલી કવિતાને પાછી વાળવા ભોળાભાઈ મથે છે.
- 'પરબ' સામયિકમાં મધ્યકાળનું અજાણ્યું સાહિત્ય સ્વરૂપ એવું 'પ્રહેલિકા'ને પ્રકાશિત કરે છે.
- સાહિત્યકળા અને વિજ્ઞાપનનો સુયોગ એ ૧૯૯૦ના મે–માસથી 'પરબ'માં પ્રવેશેલો એક નવતર પ્રયોગ છે.
- 'પરબ' સામયિક દ્વારા પરિષદના કાર્યક્રમો જેવા કે અધિવેશનો, જ્ઞાનસત્રો અને સાહિત્યિક સંગોષ્ઠિના વ્યાખ્યાનોને વિશેષાંકરૂપે પ્રકાશિત કરે છે.
- 'પરબ'ના વિશેષાંકોમાં મોટાભાગે કોઈ સાહિત્ય સ્વરૂપને ધ્યાનમાં લઈને અથવા કોઈ સર્જક કે કોઈ વિચારધારાને ધ્યાનમાં લઈને તેમાં લેખો રજૂ કરવામાં આવે છે.
- નવમાં દાયકાના શ્રી ચંદ્રકાન્ત શેઠના સંપાદકીય લેખો જે સાહિત્ય અને તત્ત્વજ્ઞાનનો સુંદરયોગ બન્યો છે, તે પરબ માટે અમૂલ્ય મૂડી સમાન છે.
- વર્ણનાત્મક નિબંધોમાં આપણને અહીં દિગીશ મહેતા, મણિલાલ હ. પટેલ, રતિલાલ 'અનિલ', બકુલ ત્રિપાઠી, નિરંજન ભગત, વીનેશ અંતાણી, માવજી મહેશ્વરી, ભગીરથ બ્રહ્મભટ્ટ, ભાગ્યેશ જહા, સુમન શાહ, પ્રવીણ દરજી, કિશોરસિંહ સોલંકી, રમેશ કોઠારી આદિ નિબંધકારોના નિબંધો મળે છે.
- ભાવાત્મક નિબંધ શૈલીમાં મધુસૂદન ઢાંકી, ડંકેશ ઓઝા, બળવંત જાની, દર્શનાબેન ધોળકિયા, વીનેશ અંતાણી, મનસુખ સલ્લા, યજ્ઞેશ દવે, નિર્મિશ ઠાકર, ભગીરથ બ્રહ્મભટ્ટ, ગુણવંત વ્યાસ, ભદ્રાયુ વછરાજાની, કલ્પેશ ચાવડા આદિ નિબંધકારોના નિબંધ મળે છે.
- પ્રવાસ નિબંધોમાં ભોળાભાઈ પટેલ, પ્રફુલ્લ રાવલ, પ્રીતિ સેનગુપ્તા, ભારતી રાણે, મણિલાલ હ. પટેલ, અજયસિંહ ચૌહાણ, કિશોરસિંહ સોલંકી, હરીશ મહુવાકર, ડૉ. હિતેશ પંડયા, મીરા જોશી, નીલમ દોશી, ડૉ. કાલિન્દી પરીખ, નીલા શાહ, કિશોર પંડયા, પ્રવીણ પંડયા, પ્રફુલ્લ રાવલ જેવા નિબંધકારોના પ્રવાસ વર્ણન અહીં મળે છે.

- ચરિત્રાત્મક નિબંધોમાં અરવિન્દ્ર જોશી, રજનીકુમાર પંડયા, રતિલાલ બોરીસાગર, જયંતિલાલ દવે, તારિણીબહેન દેસાઈ, મનોહર ત્રિવેદી, પુરૂરાજ જોષી, મંજુલા ગાડીત, કલ્પેશ પટેલ, મનસુખ સલ્લા, પ્રફુલ્લ રાવલ આદિ નિબંધકારોના નિબંધ મળે છે.
- હાસ્ય નિબંધોમાં વિનોદ ભટ્ટ, હિમાંશી શેલત, બકુલેશ દેસાઈ, નિર્મિશ ઠાકર, રતિલાલ બોરીસાગર, નિરંજન ત્રિવેદી, કિશોર વ્યાસ, પ્રદ્યુમ્ન આચાર્ય, કાન્તિ પટેલના નિબંધો મળે છે.
- પત્રાત્મક નિબંધોમાં આપણને અહીં મહેન્દ્રસિંહ પરમારના જ નિબંધો મળે છે. ડાયરીના પાના સ્વરૂપે હિમાંશી શેલતનો પણ એક નિબંધ મળે છે.
- 'પરબ'માં પ્રકાશિત ૨૦૦૧ થી ૨૦૨૦ના નિબંધમાં વિષયની વાત કરીએ તો તેમાં વર્ણનાત્મક શૈલીમાં લખાયેલા નિબંધોનો વિષય ગિરનારનું વર્ણન, ત્રિકાલ એટલે કે પ્રભાત–મધ્યાહન અને સંધ્યાનું વર્ણન, ઈશ્વર વિશે, પ્રકૃતિનું, ઋતુઓ વિશે, સુખ વિશે, બાળપણના સ્મરણો, અનુસ્વાર વિશે, મૃત્યુ અને જીવન વિશે, સ્ટેચ્યુ ઓફ લિબર્ટીના ઇતિહાસ વિશે, મુંબઈના વરસાદ વિશે, મૃત્યુની ગામની સ્મૃતિઓ, ભાષા અને મૌનનો મહિમા, વરસાદના સંગીત વિશે, એકાંત વિશે, પંખીઓ અને પંક્ષીઓ પ્રત્યેના અનુરાગ વિશે, પંખા વિશે, કૂવો, ઉકરડો, પહેલું પગથિયું, કીટલી, ઘંટી, વીશી, હરાજી, સમરકંદ–બુખારા, હાથ વિશે, નાળિયેરી, બદામડી, જેવા વિષયો પરનું વર્ણન અહીં મળે છે.
- ભાવાત્મક શૈલીમાં વિષય જોઈએ તો તેમાં પ્રાણીઓ અને પંખીઓ સાથેનું મૈત્રીપૂર્ણ ભાવસંવેદનો, ગામ સાથેના ભાવસંસ્મરણો, બાળપણના સ્મરણો, પિતાજી સાથેના ભાવસ્મરણો, બા સાથેની સ્મૃતિઓ, ઘર સાથેનો લગાવ, શૈશવકાળના સ્મરણો, નોકરી દરમિયાનના અનુભવોનું ભાવવર્ણન, મેડા સાથેનો લગાવ, વડલા સાથેનો સ્નેહ, માતૃભાષાનું મહત્ત્વ, જન્મદિવસની યાદી, ગાદી, હિંચકો, સોનચંપાનું ફૂલ, વાડ અને વેલી, લીમડો, વીતી ગયેલા સમયના ખટમીઠા સ્મરણો જેવા વિષયો પર અહીં ભાવાત્મક વર્ણનો મળે છે.

- પ્રવાસ નિબંધોમાં વિષયની વાત કરીએ તો તેમા પૉમ્પી, કાંચનજંઘા, ગોબી અને મોંગોલિયા, ઉજ્જૈન, અસમ, ડાંગ, દેશ–વિદેશમાં જોયેલા ફૂલો વિશે, ઈડરના ડુંગરો, પૂણે, પાહિયા–તુન્તુરી, ધૃવવ્રતની અદ્ભૂત ભૂમિ વિશે, એડીલેસ (દક્ષિણ ઓસ્ટ્રેલિયા), તોરણમાળની ગિરીમાળાઓ, નર્મદાથી દૂધની, અમેરિકાનો પ્રવાસ, પાવાગઢ, મેઘાલય, કડાણા ડેમનું વર્ણન, યુરોપની સાંસ્કૃતિક રાજધાની : પોર્ટો, શામળાજીનો ઝાંઝરી ધોધ, ટર્કીનો પ્રવાસ જેવા પ્રવાસ વર્ણનો અહીં મળે છે.
- ચરિત્રાત્મક નિબંધોની વાત કરીએ તો તેમાં મિત્રો, બહેન, પાડોશીઓ, ભઠ્ઠીમાં કામ કરતા યુગલ ભલાભાઈ અને ભલીબહેન, બા, દાડીપેટે આવતા ભાણીબહેન, મૂળશંકર મોહનલાલ ભટ્ટ ઊર્ફે ભાઈ વિશે, બાના નાની વિશે, પિતા વિશે આદિ ચરિત્ર ચિત્રણ અહીં વર્ણવાયા છે.
- હાસ્ય નિબંધોના વિષયમાં સામયિકોમાંથી પરત આવતી કૃતિ વિશે, યુગપલટાને પોતાના નામે કરાવવા બાબતો વિશે, કૃતિ બદલ મળતા પુરસ્કાર વિશે વ્યંગ હાસ્ય, બે વિરુદ્ધ સ્વભાવના પાત્રોથી જીવનમાં થતી ગડમથલ વિશે, ખરાબ અક્ષરની કેળવણી વિશે, બલ્બ અને દિવા વિશે, પેરોડી કરવાની આદત વિશે, ચોકઠાં વિશે, પંખાની વાતો જેવા વિષયો પર હાસ્ય વર્ણન થયેલ જોવા મળે છે.

## સંદર્ભ સૂચિ


1. હસિત મહેતા, સાહિત્યિક સામયિકો- પરંપરા અને પ્રભાવ, રન્નાદે પ્રકાશન, પ્રથમ આવૃત્તિ-મે-૨૦૧૨
2. સાર્થ ગુજરાતી જોડણીકોશ, ગૂજરાત વિદ્યાપીઠ, છઠ્ઠું પુનર્મુદ્રણ
3. ભગવદ્ગોમંડલ – ભાગ-૯મો–શ–ળ, પ્રવીણ પ્રકાશન, પ્રથમ આવૃત્તિ-૧૯૫૫
4. બંસીધર શુકલ, પ્રસનિકા જ્ઞાનકોશ, ષ થી હ, પ્ર.આ.૨૦૦૯
5. પ્રીતિ એ. પટેલ, સમીપે, સામયિકમાં પ્રકાશિત કથાસાહિત્ય : એક અભ્યાસ, આયુધ પ્રકાશન, આવૃત્તિ-૨૦૧૯
6. પ્રસાદ બ્રહ્મભટ્ટ, અર્વાચિન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, આધુનિક અને અનુઆધુનિક યુગ, પાર્શ્વ પબ્લિકેશન, ત્રીજી આવૃત્તિ-૨૦૧૮
7. વિનાયક જાદવ, ગુજરાતી સાહિત્યિક પત્રકારત્વ પ્રવાહો અને પ્રયોગો, પ્રથમ આવૃત્તિ-૨૦૧૫
8. શબ્દસૃષ્ટિ : વર્ષ :૩૭, અંક-૧૧, નવેમ્બર-૨૦૨૦
9. ગરવા–ગુજરાતી, લેખક- રજની વ્યાસ, અનડા સાહિત્ય પ્રકાશન, દ્વિતીય આવૃત્તિ-૨૦૦૧
10. લે.ક.મા.મુનશી, મુનશી ગ્રંથાવલી-૧૩, કુલપતિના પત્રો, સંકલન- હરીન્દ્ર દવે, ઘનશ્યામ દેસાઈ, ગૂર્જર પ્રકાશન, પ્રથમ આવૃત્તિ-૧૯૮૮
11. ડૉ. રમેશ એમ. ત્રિવેદી, અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, સાતમી સંવર્ધિત આવૃત્તિ-૨૦૧૩.
12. સં. પારૂલ કંદર્પ દેસાઈ, ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ-૮ (ખંડ-૧), સ્વાતંત્ર્યોત્તર યુગ-૨, પ્રથમ આવૃત્તિ-૨૦૧૮.
13. gujaratisahityaparishad.com
14. કાકાસાહેબ ગ્રંથાવલિ ભાગ-૧૦, સાહિત્યવિષયક લેખો–૨, કાકાસાહેબ કાલેલકર ગ્રંથાવલિ પ્રકાશન સમિતિ, પ્રથમ આવૃત્તિ-૧૯૮૭
15. ભગવદ્ગોમંડલ ભાગ-૬ ની-ફ, પ્રવીણ પ્રકાશન, પ્રથમ આવૃત્તિ-૧૯૪૮
16. કાકાસાહેબ કાલેલકર, 'તેજસ્વિતાની અખૂટ પરબ' શિર્ષક 'પરબ' -૧૯૬૦, સપ્ટેમ્બર, અંક-૧, વર્ષ-૧

17. સં. રમણ સોની, નેપથ્યથી પ્રકાશવર્તુળમાં, દ્વિતીય આવૃત્તિ-૨૦૦૫, પાર્શ્વ પબ્લિકેશન.

18. 'પરબ' વનસ્થળી જ્ઞાનસત્ર વિશેષાંક-૧૯૮૩, ફેબ્રુઆરી-માર્ચ

19. 'સંસ્કૃત-ગુજરાતી વિનીત કોશ', સં. ગોપાળદાસ પટેલ

20. નિબંધ : સ્વરૂપ અને વિકાસ', પ્રવીણ દરજી

21. સાર્થ ગુજરાતી જોડણીકોશ

22. મોટો કોશ : રતિલાલ સાં. નાયક, ૨૦૦૭

23. ગુજરાતી લલિત-નિબંધ : સ્વરૂપ અને સમૃદ્ધિ', વિપુલ પુરોહિત

24. ‘Essayists Past & Present', J.B.Priestley Introduction

25. 'To the Reader' - Montainge, Great Essays : Ed. by Mousfon.

26. આધુનિક હિન્દી વ્યાકરણ ઔર રચના' ડૉ. વાસુદેવ નંદન પ્રસાદ

27. જૂનું નર્મગદ્ય, બીજી આવૃત્તિ, નર્મદ

28. નિબંધરીતિ - નવલરામ, ત્રીજી આવૃત્તિ

29. 'નિબંધમાલા', સં. વિ.મ.ભટ્ટ, પહેલી આવૃત્તિ

30. 'સુંદર્શન ગધાવલિ', મણિલાલ નભુભાઈ ત્રિવેદી

31. સાબરમતી, ૧૯૩૬, કાલેલકરકૃત ગ્રંથાવલિ-૪, જીવનવિકાસ-૧૯૮૫

32. નિબંધ અને ગુજરાતી નિબંધ, સં. જયંત કોઠારી

33. જનાન્તિકે, સુરેશ જોષી

34. નિબંધ : સ્વરૂપ અને વિકાસ, ડૉ. પ્રવીણ દરજી-૧૯૯૭

35. 'સાહિત્યિક નિબન્ધ', રાજનાથ શર્મા

36. 'શૈલી અને સ્વરૂપ', ઉમાશંકર જોષી

37. 'આધુનિક સાહિત્ય સંજ્ઞાકોશ', સં. ચંદ્રકાન્ત ટોપીવાળા

38. 'રચનાલોક', મણિલાલ હ. પટેલ

39. 'વિવર્તલીલા', નરસિંહરાવ દિવેટીયા

40. 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ', ગ્રંથ-૩, સં. રમણ સોની

41. મહાત્મા ગાંધી (ઉત્તરાર્ધ), અંબેલાલ એન. જોશી

42. 'અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા', આધુનિક અને અનુઆધુનિક પ્રવાહો, ધીરૂભાઈ ઠાકર

43. પરબ, ૨૦૦૧-સપ્ટેમ્બર

44. પરબ, ૨૦૦૧-ઓકટોબર

45. પરબ, ૨૦૦૨-ઓકટોબર

46. પરબ, ૨૦૦૨-સપ્ટેમ્બર

47. પરબ, ૨૦૦૮-નવેમ્બર

48. પરબ, ૨૦૦૧-જુલાઈ

49. પરબ, ૨૦૦૨-ડિસેમ્બર

50. પરબ, ૨૦૦૩-જાન્યુઆરી

51. પરબ, ૨૦૦૬-માર્ચ

52. પરબ, ૨૦૦૭-સપ્ટેમ્બર

53. પરબ, ૨૦૦૯-જુલાઈ

54. પરબ, ૨૦૧૦-જૂન

55. પરબ, ૨૦૧૦-સપ્ટેમ્બર

56. પરબ, ૨૦૧૭માર્ચ

57. પરબ, ૨૦૧૯-સપ્ટેમ્બર

58. પરબ, ૨૦૧૮-સપ્ટેમ્બર

59. પરબ, ૨૦૧૯-ઓગસ્ટ

60. પરબ, ૨૦૨૦-સપ્ટેમ્બર

61. પરબ, ૨૦૦૬-નવેમ્બર

62. પરબ, ૨૦૨૦-નવેમ્બર

63. પરબ, ૨૦૧૪-ડિસેમ્બર

64. પરબ, ૨૦૧૫-ડિસેમ્બર

65. પરબ, ૨૦૧૫-જુલાઈ

66. પરબ, ૨૦૧૬-ઓગસ્ટ

67. પરબ, ૨૦૨૦-જુલાઈ

68. પરબ, ૨૦૦૧-માર્ચ

69. પરબ, ૨૦૦૫-જાન્યુઆરી

70. પરબ, ૨૦૦૨-માર્ચ

71. પરબ, ૨૦૦૩ -જુલાઈ

72. પરબ, ૨૦૦૯-મે

73. પરબ, ૨૦૧૨-ડિસેમ્બર

74. પરબ, ૨૦૧૪-ડિસેમ્બર

75. પરબ, ૨૦૧૫-જૂન

76. પરબ, ૨૦૧૫-ઓગસ્ટ

77. પરબ, ૨૦૧૯-મે

78. પરબ, ૨૦૧૯-સપ્ટેમ્બર

79. પરબ, ૨૦૧૬-સપ્ટેમ્બર

80. પરબ, ૨૦૧૭-મે

81. પરબ, ૨૦૦૫-ઓકટોબર

82. પરબ, ૨૦૦૫-મે

83. પરબ, ૨૦૧૦-મે

84. પરબ, ૨૦૧૧-મે

85. પરબ,૨૦૦૧-જૂન

86. પરબ, ૨૦૧૯-એપ્રિલ

87. પરબ, ૨૦૦૭-ડિસેમ્બર

88. પરબ, ૨૦૧૯-જાન્યુઆરી

**પ્રસ્તુતકર્તા** **માર્ગદર્શક**

જાડેજા વર્ષાબા એચ. ડૉ. જીવરાજ એમ. પારઘી

PRINCIPAL
Matashree J. S. Godhani
Mahila Arts & Comm. College
Joshipura Junagadh